# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- રાજ્યની લોકસભાની 26 અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીઓ માટે ઉમેદવારીપત્રો આવતીકાલે બપોરના ત્રણ વાગ્યા સુધી ભરી શકાશે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં રોડ શો કરી, જાહેરસભાને સંબોધશે. આવતીકાલે ઉમેદવારીપત્ર ભરશે.
- લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો ચૂંટણી પ્રચાર ગઇકાલે શાંત થયો..
- આગામી લોકસભા ચૂંટણીમાં રાજ્યભરમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.
- IPL ક્રિકેટમાં ગઈકાલે રાત્રે અમદાવાદમાં રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઇટન્સને 6 વિકેટે હરાવ્યું હતું.
- હવામાન વિભાગે રાજયભરમાં આગામી બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Nomination BJP, CONG. AAP

રાજ્યની લોકસભાની 26 અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીઓ માટે ઉમેદવારીપત્રો આવતીકાલ બપોરના ત્રણ વાગ્યા સુધી ભરી શકાશે.

આજે નવસારી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સી.આર. પાટીલ નવસારી મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયથી કલેકટર કચેરી સુધી ભવ્ય રોડ શો યોજીને પોતાનો પ્રચાર કરી ઉમેદવારી પત્ર ભરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ ભવ્ય રોડ શોમાં હાજર રહી સી.આર.પાટીલના સમર્થનમાં પ્રચાર કરશે.

ભાજપના વધુ 16 અને કોંગ્રેસના નવ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા જ્યારે આમ આદમી પાર્ટીના એક ઉમેદવારે પણ ઉમેદવારી પત્ર ભર્યું હતું. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ, લોકસભાની ચૂંટણી માટે 15મી એપ્રિલે લોકસભા માટે 31 અને વિધાનસભા માટે ચાર ઉમેદવારીપત્રો ભરાયા હતા. જ્યારે લોકસભા માટે 97 અને વિધાનસભા માટે આઠ ઉમેદવારી પત્રો ભરાયા હતા. આમ અત્યાર સુધીમાં લોકસભાની 26 બેઠકો માટે 118 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે કુલ 12 ઉમેદવારી પત્રો ભરાયા છે.

જે ઉમેદવારી પત્રો ભરાયા છે તેમાંથી ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત અન્ય પ્રાદેશિક અને રાષ્ટ્રીય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે જેમાં મુખ્ય રાજકીય પક્ષોના ઉમેદવારોએ ડમી ફોર્મ પણ ભર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારીપત્ર ચકાસણીની તારીખ 20મી એપ્રિલ છે, જ્યારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાની તારીખ 22 એપ્રિલ છે.

---

-અપર્ણા ખૂંટ, રિદ્ધિ -(નવીન)

# AMIT SHAH ROAD SHOW

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં ત્રણ રોડ શો કરશે અને રેલીને સંબોધશે. શ્રી શાહ આવતીકાલે કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે બપોરે વિજય મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવશે

અમારા સંવાદદાતા અપર્ણા દેસાઈ ખૂંટ જણાવે છે કે શ્રી શાહ તેમનો પ્રથમ રોડ શો અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતેથી યોજશે.તેમના મતક્ષેત્રમાં સમાવિષ્ટ સાણંદ, કલોલ, સાબરમતી, ઘાટલોડિયા, નારણપુરા, વેજલપુર વિધાનસભા ક્ષેત્રોમાં  રોડ શો યોજીને પોતાનો પ્રચાર કરશે..

રોડ શો ના સમાપન બાદ  શ્રી  શાહ વેજલપુર ખાતે જાહેરસભાને સંબોધિત કરશે.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ રોડ શોમાં પ્રચાર પ્રસાર કરવાના છે. અને જાહેરસભામાં પણ હાજરી આપવાના છે... આ રોડ શોના બીજા દિવસે તેઓ ગાંધીનગર ખાતેથી પોતાની ઉમેદવારી નોંધાવશે... હાલમાં પણ તેઓ ગાંધીનગરના સાંસદ છે અને તેમને ગાંધીનગર લોકસભા માટે ભાજપ દ્વારા આ વખતની લોકસભાની ચૂંટણીમાં બીજી વખત ટિકિટ આપવામાં આવી છે..

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર પણ આજે ગુજરાતમાં પાર્ટી માટે પ્રચાર કરશે. શ્રી ઠાકુર આજે જામનગર શહેરમાં રોડ શો કરશે અને ચૂંટણી રેલીને સંબોધશે.

બીજી તરફ ગુજરાતની મુલાકાતે આવેલા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ ગઈકાલે ભરૂચમાં AAPના ઉમેદવાર ચૈતર વસાવાના સમર્થનમાં રોડ શો કર્યો હતો.

---

-અપર્ણા ખૂંટ, રિદ્ધિ -(નવીન)

# LS POLLS- 1ST PHASE CHAMPAINGING

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો ચૂંટણી પ્રચાર ગઇકાલે શાંત થયો..

આવતીકાલે પ્રથમ તબક્કા માટે મતદાન થશે, જેમાં 17 રાજ્યો તેમજ ચાર કેન્દ્ર શાસિત પ્રદેશોની મળીને કુલ 102 લોકસભા બેઠકો માટે મતદાન થશે. જેમાં તમિલનાડુની 39, રાજસ્થાનની 12, ઉત્તર પ્રદેશની 8, મધ્ય પ્રદેશની 6, ઉત્તરાખંડ–આસામ અને મહારાષ્ટ્રમાં 5 બેઠકો, બિહારની 4, પશ્ચિમ બંગાળની 3, અરૂણાચલ પ્રદેશ, મેઘાલયની બે-બે બેઠકો, જ્યારે કે છત્તીસગઢ, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કીમ, ત્રિપુરા, આંદમાન-નિકોબાર ટાપુ, જમ્મૂ કાશ્મીર, લક્ષદીપ અને પુડુચેરીમાં અનુક્રમે એક – એક બેઠક માટે મતદાન થવા જઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વિવિધ રાજકીય દળો અને નેતાઓએ મતાદાતાઓને રિઝવવાના પૂરતા પ્રયાસો કર્યા હતા..

---

-રીપીટ

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# Election Awareness

આગામી લોકસભા ચૂંટણીમાં રાજ્યભરમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે મતદાન જરૂર કરો અને કરાવોની નેમ સાથે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોથી લઈ શહેરના તમામ મતદારોને મતદાન માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. મહિલા મતદાતાઓ મહત્તમ મતદાન કરે તે માટે મોબાઈલ લાઈબ્રેરીના માધ્યમથી આમંત્રણ અપાયું હતું. ઉપલેટા તાલુકાના તણસવા ગામ અને પામેલી મોટી ગામ ખાતે ચુનાવ પાઠશાળા અંતર્ગત મતદાન પ્રક્રિયા અને મતગણતરી સહિતની માહિતી નાટકના માધ્યમ દ્વારા આપવામાં આવી હતી.

તો બીજીતરફ ભાવનગર પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ભાવનગરમાં સોશિયલ મીડિયા ઈસ્ફ્લુએન્સર નેહલબેન ગઢવી દ્વારા ચૂંટણી યુવાનોની સહભાગિતા વધે તે માટે વીડિયો દ્વારા મતદાન જાગૃતિની પહેલ કરવામાં આવી હતી.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોશીના જણાવ્યા અનુસાર આગામી સાતમી મે ૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં સૌ ટકા મતદાન થાય તે માટે મહીસાગર જિલ્લાના ખેતીવાડી વિભાગ દ્વારા લુણાવાડા તાલુકાના મધવાસ ગામે ખેડૂતો સાથે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત ખેડૂતો સાથે સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ લોકશાહીના અવસરમાં સહભાગી બની અચૂક મતદાન કરે તે માટે અપીલ કરવામાં આવી હતી. ખેડૂતોએ પણ પોતે મતદાન કરશે. તેમ વિશ્વાસ અપાવ્યો હતો.

---------------------------------------------------------------------

-(મહિસાગર, ભાવનગર, પીટીસી), રાજકોટ, મા.ખા, હર્ષ લેઉઆ, સિમ્પલ ઠક્કર, મયુર

# JUNAGADH Voter Awareness

જુનાગઢ લોકસભા બેઠક જૂનાગઢ અને ગીર સોમનાથ એમ બે જિલ્લા વચ્ચે વહેંચાયેલી છે. 16 લાખથી વધુ મતદારો આ બેઠક પર નોંધાયેલા છે.

આ મતદારોમાં જાગૃતિ કેળવાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત વિવિધ પ્રયોગો હાથ ધરવામાં આવ્યા છે. આ વિશે વધુ માહિતી આપે છે

અમારા જૂનાગઢ જીલ્લાના પ્રતિનિધિ સંજીવ મહેતા,

બાઈટ – સંજીવ મહેતા, જૂનાગઢના પ્રતિનિધિ

------------------------------------------------------------------------

-પીટીસી, જૂનાગઢ, વિધિ મોદી -(નવીન)

# IPL

IPL ક્રિકેટમાં ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઇટન્સને 6 વિકેટે હરાવ્યું હતું. 90 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે 8.5 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 92 રન બનાવ્યા હતા. રિષભ પંતને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજે ચંદીગઢમાં પંજાબ કિંગ્સનો મુકાબલો મુંબઈ ઈન્ડિયન્સ સામે થશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

---------------------------------------------------------------------

-પુલ, રિદ્ધિ -(નવીન)

# WEATHER

હવામાન વિભાગે રાજયભરમાં આગામી બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.રાજ્યમાં અમરેલીમાં સૌથી વધુ 44 ડિગ્રી તાપમાન નોંધાયું છે જયારે અમદાવાદમાં 42. 2 ડિગ્રી તાપમાન રહ્યું હતું.

જે અંતર્ગત કચ્છમાં યલો અલર્ટ અને જૂનાગઢ, પોરબંદર અને ભાવનગરમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો પોરબંદર, ભાવનગર, ગીર સોમનાથ તેમજ કચ્છમાં ગરમીનું તીવ્ર મોજુ ફરી વળવાની સંભાવના વ્યક્ત કરી છે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા અનુસાર ભાવનગર શહેર અને જિલ્લામાં ગરમીનો પારો વધીને 41.7 ડિગ્રીએ લોકો આકરા તાપમાનમાં શેકાયા હતા. ગઈકાલે સિઝનનું મહત્તમ તાપમાન ભાવનગરમાં નોંધાયું છે. ચાર દિવસમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન છ ડિગ્રી ઊંચકાયું છે.

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધિ અશોક પટેલના જણાવ્યા અનુસાર નવસારીમાં રામ નવમીનો દિવસ સિઝનનો સૌથી ગરમ દિવસ નોંધાયો. આજે મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું.જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી ચામડી બાળી નાખતી કાળઝાળ ગરમી પડતાં લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે.

સિઝનનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. ભારે ગરમીને કારણે માર્ગો પર લોકોની અવર જવર ઓછી હતી.

હવામાન વિભાગે આ જિલ્લાઓમાં બપોરના સમયમાં બહાર ન નીકળવા માટે સલાહ આપી છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો, તેમજ લાંબી માંદગી ધરાવતા લોકોને તડકાથી બચવાની સલાહ આપવામાં આવી છે.

---

-પીટીસી, ભાવનગર, નવસારી, સિમ્પલ-(નવીન)

# RAM NAVMI

રાજ્યભરમાં રામનવમીના પાવન પર્વની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ.. જેમાં વિવિધ જીલ્લાઓમાં રામધૂન, સુંદરકાંડના પાઠ, ભંડારા, શોભાયાત્રા, હોમ- હવન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા..

પાટણમાં વિશ્વ હિન્દુ પરિષદ પાટણ અને રામનવમી શોભાયાત્રા સમિતિ ટ્રસ્ટ દ્વારા રામજી મંદિર ખાતેથી બે રથ સાથે શોભાયાત્રા કઢાઈ હતી

જેમાં પ્રથમ રથમાં અયોધ્યામા બિરાજમાન ભગવાન શ્રી રામચંદ્રની પ્રતિમાની હુબહુ 200 કિલો વજનની શ્યામવર્ણના પથ્થરની પ્રતિમાને બિરાજમાન કરવામાં આવી હતી. તો બીજા રથમાં ભગવાન શ્રી રામ, લક્ષ્મણ અને જાનકીજી બિરાજમાન થઈ પાટણ નગરની પરિક્રમાએ નિકળ્યા હતાં.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ હેમાંગ પટણીના જણાવ્યા અનુસાર આ શોભાયાત્રામાં પાટણના કારીગરો દ્વારા તૈયાર કરાયેલ સવા પાંચસૌ ગ્રામ વજનની ભગવાન શ્રી રામચંદ્રની ચાંદીની ચરણપાદુકા કે જેની અયોધ્યામાં વિશેષ પુજા અર્ચના કરવામાં આવી હતી તે સાથે અયોધ્યામા ભગવાન શ્રી રામચંદ્રને પહેરાવેલા વસ્ત્રો જે ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયા હતા, તે વસ્ત્રો પણ શોભાયાત્રામા દર્શન માટે મુકવામાં આવ્યા હતા.

આ ઉપરાંત અયોધ્યા રામમંદિરના પુજારી દ્વારા પ્રાપ્ત થયેલ સરયુ નદીના જળને પણ શોભાયાત્રા દરમ્યાન દર્શનાર્થે પધારેલ રામ ભકતોને ચરણામૃતની પ્રસાદ સ્વરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિતના જણાવ્યા અનુસાર પંચમહાલ જિલ્લાના ગોધરા સહિત સમગ્ર જિલ્લામાં રામનવમી નિમિત્તે

ગોધરા શહેરના અતિ પૌરાણિક મંદિરમાં વહેલી સવારથી મોડી રાત સુધી શ્રધ્ધાળુઓનો મેળાવડો રહયો હતો.

ભગવાન શ્રી રામનો વિશેષ શણગાર, પૂજન, અન્નકૂટ દર્શન, રામ જન્મોત્સવ નિમિત્તે વિશેષ પાઠ સહિતના ધાર્મિક આયોજનો કરવામાં આવ્યા હતા. પંચમહાલ જિલ્લાના ગોધરા, હાલોલ, કાલોલ ,શહેરા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભવ્ય શોભાયાત્રાઓ યોજાઈ હતી. ગોધરા શહેરના રામજીમંદિર ખાતે થી સાંજે શોભાયાત્રાનું પ્રસ્થાન કરાયુ હતુ.

---------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, પંચમહાલ સિમ્પલ -(નવીન)